# ઉચ્ચારણ તાલીમકર્તા (એક્સેન્ટ ટ્રેનર)

ઉચ્ચાર એ વ્યક્તિની બોલવાની રીત છે. ઉચ્ચારણ તાલીમકર્તા યોગ્ય ઉચ્ચારણ, સાંભળવું, અવાજના ઉતાર-ચડાવ (મોડ્યુલેશન) અને બોલવાનું કૌશલ્ય સહિત અસરકારક સંચાર કૌશલ્યની તાલીમ આપે છે. તે તાલીમાર્થીઓને તેમના વિદેશી સાથીઓ સાથે અસરકારક રીતે વાતચીત કરવામાં મદદ કરે છે. આઇ.ટી.ઈ.એસ. વ્યવસાયો જેવા કે, બી.પી.ઓ., કૉલ સેન્ટર્સ તેમજ આંતરરાષ્ટ્રીય વ્યવસાયોના ઝડપથી વધતા વ્યાપ સાથે એક્સેંટ તાલીમ એ એક આકર્ષક કારકિર્દી વિકલ્પ બની રહ્યો છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે અસરકારક પ્રત્યાયનકર્તા/સંવાદકર્તા છો
- તમને શીખવવું કે તાલીમ આપવી ગમે છે
- તમે ઊર્જાસભર અને સુલભ વ્યક્તિત્વ ધરાવો છો
- તમે ભાષાના વ્યાકરણ, ઉચ્ચારણ, જોડણી અને શબ્દભંડોળ પર સારી પક્કડ ધરાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૨૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી અથવા ભાષાશાસ્ત્રમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો.

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, વૉઈસ અને એક્સેંટ ટ્રેનિંગમાં પ્રમાણપત્ર કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ઉચ્ચારણ તાલીમકર્તાનું પ્રારંભિક અંદાજીત માસિક વેતન **રૂ. ૧૨,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલું હોય છે. જ્યારે, મધ્યમ થી વરિષ્ઠ કક્ષાના ઉચ્ચારણ તાલીમકર્તાનું માસિક વેતન **રૂ. ૪૦,૦૦૦ થી ૭૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોતઃ https://in.talent.com/salary?job-voice accent traine

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કૉલ સેન્ટર્સ, આઈ.ટી.ઈ.એસ., તાલીમ સંસ્થાઓ, રંગભૂમિ, ફિલ્મ ઉદ્યોગ, પ્રચાર-પ્રસાર માધ્યમો સહિત અન્ય વ્યવસાયો.

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે ફ્રીલાન્સ સેવાઓ આપવાનું અથવા ખાનગી તાલીમ વર્ગો શરૂ કરવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** તમને જીવનના વિવિધ ક્ષેત્રો, વિવિધ સંસ્કૃતિઓ, દેશો અને પ્રદેશોના લોકો સાથે વાર્તાલાપ કરવાની તક મળી શકે છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. તમે સવાર, બપોર કે રાત્રીની શિફ્ટમાં કામ કરો તેવી શક્યતા છે. તમે અઠવાડિયામાં લગભગ ૪૦ કલાક કામ કરો તેવી સંભાવના છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

વૉઈસ્ ટ્રેનર → લીડ ટ્રેનર → ટ્રેનિંગ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વૉઈસ્ એન્ડ એક્સેન્ટ, એક્સેન્ટ ટ્રેનર, સોફ્ટ સ્કિલ્સ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ અંગ્રેજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઇગ્નુ, નવી દિલ્હી
૨. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૩. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૪. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
૭. વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતન
૮. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. કેમ્બ્રિજ ઈંગ્લિશ એકેડમી (સી.ઈ.એ. ઈન્ડિયા), નવી દિલ્હી
૨. ઓક્સબ્રિજ, રાંચી
૩. લેટ્સ ટોક ઈંગ્લિશ સ્પીકિંગ ઈન્સ્ટિટ્યુટ, મુંબઈ
૪. ઝિયસ એકેડમી, ચેન્નાઈ
૫. સ્પિકઈંગ ઈન્ડિયા, બેંગ્લોર
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. સેવન મેન્ટર્સ, પુણે
૮. બ્રિટિશ એકેડેમી ફોર ઈંગ્લિશ લેન્ગવેજ (બી.એ.એફ.ઈ.એલ.), નવી દિલ્હી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in




## સાફલ્ય ગાથા

**રોમા ચઢ્ઢા** વોઈસ અને એક્સેન્ટ ટ્રેનર છે. તેણીએ યુ.એસ.એ.માંથી કોમ્યુનિકેશન મેનેજમેન્ટમાં માસ્ટર્સ કર્યું છે અને ભારતમાં અનેક કોલ સેન્ટરો સાથે કન્સલ્ટિંગ ટ્રેનર તરીકે કામ કર્યું છે. તેણી કહે છે, "વૉઈસ ટ્રેનર બનવા માટે, વ્યક્તિ પાસે અંગ્રેજી ભાષા પર પ્રભુત્ત્વ હોવું જોઈએ, ઉચ્ચારણની સૂક્ષ્મતાને ઓળખી શકે તેવી સંવેદનશીલ શ્રવણ શક્તિ તેમજ મોટા સમૂહ સાથે વાતચીત કરવાની ક્ષમતા હોવી જોઈએ." તેણીએ આ વિષય પર પુસ્તકો પણ લખ્યા છે.*

સ્રોતઃ https://www.hindustantimes.com/india/vo ice-and-accent-trainer/story-6UVMQGLIeWYtYgis2CVhFO.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.